




અરવલ્લી જિલ્લા સેવાસદન સામે આવેલા ડમ્પીંગ સાઈટમાં ખુલ્લામાં પડેલા ઝેરી કચરા આરોગતી ગાયો ઠેર ઠેર જોવા મળે છે. જેના માટે રાજ્ય સરકારે કડક કાયદાઓ અમલમાં મુક્યા છે. ત્યારે બીજી તરફ આવો જેરી કચરો આરોગતી ગાયો બીમારીમાં સપડાઈ રીબાઈને મરી રહી છે. ત્યારે અહીંથી પસાર થતા જિલ્લા કલેક્ટર સહીત અન્ય અધિકારીઓ દ્વારા અને નગરપાલિકાના મહિલા પ્રમુખ એક નજર ગંદો કચરો ચરતી ગાયો સામે નાખી ગૌમાતાને બચાવવા કોઈ નક્કર પગલા ભરશે કે પછી ગાયોની ઉપેક્ષા કરવામાં આવશે ? જિલ્લા કલેક્ટર દ્વારા નગરપાલિકાતંત્રના જવાબદાર સત્તાધીશો અને અધિકારીઓ સામે ડમ્પીંગ સાઈટ પર ગાયો ચરતી હોવાની બેદરકારી દાખવનાર સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી જાગૃત નાગરિકોની માંગ છે.

# વાત્રક યોજના નહેર વિભાગ મોડાસાની કચેરીના હેડક્લાર્કનો નિવૃત્તિ વિદાય

મોડાસા, તા. ૧

વાત્રક યોજના નહેર વિભાગ મોડાસાની કચેરીમાં ફરજ બજાવતા એસ.ડી. બરંડા, હેડક્લાર્ક પોતાના ૩૬ વર્ષની સરકારી સેવાઓ પુરી કરી નોકરી પૂર્ણ કરી વયનિવૃત્તિના કારણે તા. ૩૧-૫-૧૭ના રોજ નિવૃત્ત થતા આ વિભાગના પી.એમ. પંચાલ નાયબ કાર્યપાલક ઈજનેરના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. તેમજ આ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર વાત્રક નહેર પેટા વિભાગ નં. ૧૩ બાયડ ખાતે ફરજ બજાવતા કે.એચ. જોષી, અ.મ.ઈ. નિવૃત્ત થતા તેઓનો પણ વિદાય સમારંભ યોજવામાં આવેલ. તમામ કર્મચારી-અધિકારીઓ નિવૃત્ત થતા એસ.ડી. બરંડા અને કે.એચ. જોષીને શાલ-મોમેન્ટો, સન્માન પત્ર આપી વિદાય આપી હતી.

નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગમાં મોટા ભાગના કર્મચારી-અધિકારીઓ નિવૃત્ત થયેલ છે અને ગણ્યા ગાંઠ્યા હવે ૨૦૧૭-૧૮ના અંત સુધીમાં નિવૃત્ત થનાર છે. રાજ્ય સરકારની જીવાદોરી સમાન આ પાણીની યોજનાઓ ઉપર આવનાર સમયમાં સ્ટાફ વગર ખોરંભે પડનાર એંધાણ વર્તાઈ રહ્યા છે.





## દાંતા નજીક ટુંડીયા પાસે બસે પલ્ટી ખાતાં ૧૩ મુસાફરોને ઈજા

દાંતા નજીક ટુંડીયા ગામ પાસે એક એસ.ટી બસ પલટી જતાં ૧૩ લોકોને ઈજાઓ થવા પામી છે. આ બસ ખેડબ્રહ્માથી પાલનપુર તરફ આવી રહેલ ત્યારે ભયજનક વળાંકમાં ડ્રાઈવરે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં આ બસ પલટી ખાધી હતી. બસમાં બેઠેલાં કુલ ૧૪ મુસાફરોમાંથી ૧૩ જણાં ને ઈજાઓ થતાં તમામને દાંતાની રેફલર હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યાં હતા. જેમાં એક યુવતીને ગંભીર ઈજાઓ થતાં તેણીને પાલનપુર હોસ્પીટલમાં ખસેડાવમાં આવી હતી. જોકે આ અકસ્માતમાં કોઈ જાનહાનીના સમાચાર જાણવા મળેલ નથી. આ અકસ્માત સર્જાતા દાંતા તાલુકા વિકાસ અધિકારી મહેશ ગઢવી થતાં મદદનીશ ટી.ડી.ઓ નરેશ ચૌધરી પણ ઘટનાસ્થળે પહોંચ્યાં હતા.

# આંગડિયા કર્મચારીએ ત્રીજા માળેથી કૂદીને આપઘાત કર્યો

શહેરના સીજી રોડ પર આવેલા ઈસ્કોન આર્કેડ કોમ્પલેક્ષના ત્રીજા માળેથી આંગડિયા પેઢીના એક કર્મચારીએ પડતું મૂકી આત્મહત્યા કરતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને સીજી રોડના વેપારીઓ અને કર્મચારીઓમાં આ બનાવને લઈ શોકની લાગણી પ્રસરી ગઈ હતી. નવરંગપુરા પોલીસે આ મામલે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં વિશ્વકર્મા મંદિર સામે આવેલા સિરિલ લાઈફ સ્ટાઈલ એપાર્ટમેન્ટ ખાતે રહેતા પ્રવીણભાઈ લાલજીભાઈ ઠક્કર સીજી રોડ પર આવેલા ઈસ્કોન આર્કેડ કોમ્પલેક્ષમાં આવેલી આંગડિયા પેઢીમાં નોકરી કરતા હતા. ગઈકાલે મોડી સાંજે કોમ્પલેક્ષમાં ધડામ..કરીને જોરદાર અવાજ આવતાં સ્થાનિક દુકાનદારો અને સ્ટાફ કર્મચારીઓ દોડી આવ્યા હતા. જોયું તો, પ્રવીણભાઈ લોહીલુહાણ હાલતમાં નીચે પટકાયેલા હતા. કોમ્પલેક્ષની જ આંગડિયા પેઢીના કર્મચારી પ્રવીણભાઈએ ત્રીજા માળેથી પડતું મૂકયું હોવાના સમાચારને પગલે સ્થાનિક વેપારીઓ અને કર્મચારીઓમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

# ફિલ્મોમાં ઐતિહાસિક ઘટનાઓ સાથે થતાં ચેડા સામે કરણી સેનાનો રોષ

## દિલ્હી ખાતે ૧૫ લાખ રાજપુતોની રેલી યોજાશે

અંબાજી, તા. ૧

ઐતિહાસીક ઘટનાઓ આધારીત ફિલ્મો બનાવનાર ડાયરેક્ટરને પ્રોડ્યુસર ઉપર સમગ્ર રાજપુત સમાજે બાયો ચઢાવી છે. ઐતિહાસીક સ્ત્રી-પુરુષોના દુર ઉપયોગ સાથે ઈતિહાસને ખોટી રીતે ફિલ્માકંન કરવાં બાબતે રોષ પ્રગટ કરાયો હતો ને માત્ર પૈસા કમાવવાની ગેલછા ધરાવતાં ડાયરેકટરો જો ૨૦૧૭ની ચૂંટણીઓ જેમાં ગુજરાતની હોય કે પછી અન્ય કોઈ રાજ્યની તમામ જગ્યાઓ માટે કઈ સરકાર સાથે રહેવું તે અનામત બાબતે જવાબ મળવાના આધીન




જેને લઈ રાજપુત કરણી સેના અને મહાકાલ સેનાના સંયુક્ત ઉપક્રમે દાંતા સ્ટેટના રાજવી પરીજનોની હવેલી ખાતે આજે એક પત્રકાર પરીષદ યોજવામાં આવી હતી. જેમાં રાજસ્થાન રાજપુત કરણી સેનાના અધ્યક્ષ મહીપાલસીંહ મકરાણાનાં અધ્યક્ષસ્થાને યોજાયેલી આ પ્રેસ કોન્ફરન્સમાં જુના ઈતિહાસ થતા ઈતિહાસ સાથે ચેડા કરી ખોટી રીતે પ્રદર્ષન કરશે તો તેની સામે સખ્ત વિરોધ કરવા પ્રદેશ અધ્યક્ષ, શ્રી રાજપુત કરણી સેના રાજસ્થાનના મહીપાલસીંહ મકરાણાએ જણાવ્યુ હતુ. જ્યારે અનામતના મામલે પણ રણટંકાર કર્યો હતો ને અનામતને લઈ સુવર્ણકોમને થઈ રહેલા અન્યાય બાબતે આવનારી આગામી ઉપર રહેશે અને આગામી સમયમાં આ સમગ્ર મામલે દિલ્હી ખાતે ૧૫ લાખ જેટલાં રાજપુત સમાજના લોકોને એકત્રીત કરી સામુહીક વિરોધ પદર્શન કરવા પણ હાકલ કરાઈ હતી. આ પ્રસંગે દાંતાના રાજવી પરીવારના પરમવીરસીંહજી પરમારને ઉત્તર ગુજરાત કરણી સેનાના પ્રભારી તરીકે જાહેર કરાયાં હતા.



રમઝાન માસના પવિત્ર મહિનાના બીજા રોજાના દિવસે આજે બાયડ શહેરના ઈલિયાસ ગુલામનબી મલેકના સુપુત્ર અને બાયડ ગોસિયા જમાતના પ્રમુખ ગુલામનબી મલેકના પૌત્રએ પહેલો રોજો રાખ્યો હતો. અલ્લાહ પ્રત્યે પોતાની બંદગી અદા કરી હતી. આટલી નાની ઉંમરમાં રોજો રાખીને અલ્લાહ પ્રત્યેની પોતાની નિષ્ઠા બતાવવા બદલ સમગ્ર મસ્લિમ સમાજ દ્વારા મુબારક બાદ પાઠવવામાં આવી હતી.

# પ્રાંતિજ તાલુકા બુથ પર ભાજપ કાર્યકરો દ્વારા ઘરે-ઘરે જઈ સ્ટીકર લગાવી માહિતી પુરી પાડી

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતેઆવેલ તાલુકા બુથો ઉપર જઈને ભાજપ કાર્યકરો દ્વારા સરકારની પ્રાંતિજ તાલુકા સંગઠન મહામંત્રી બળવંતભાઈ પટેલ, પ્રાંતિજ તાલુકા સંગઠન પ્રમુખ રાજુભાઈ પટેલ તાલુકા પંચાયત સદસ્ય જયારે કોંગ્રેસ મુકત ભારત બનાવવાનું સંકલ્પ સિદ્ધ કરવા અને કેન્દ્ર સરકાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા રાજય



યોજનાઓની માહિતી તથા ગેસ કિટના લાભાર્થીઓને કીટ વિતરણ કરવામાં આવી.

પ્રાંતિજના ગળતેશ્વર, સાંપડ, વાધપુર સહિતના તાલુકા બુથો ઉપર ભાજપ સાબરકાંઠા સંગઠન જિલ્લા પ્રભારી અશોકભાઈ ભાવસાર, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, પ્રદિપસિંહ રાઠોડ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ તથા ભાજપ કાર્યકરો દ્વારા પોતાનાં બુથ વિસ્તારોમાં ઘરે-ઘરે જઈને ભાજપ સરકારની યોજનાઓની વિસ્તૃત માહિતી તથા ગેસ કિટના લાભાર્થીઓને કીટનુ વિતરણ તથા સ્ટીકર લગાવવામાં આવ્યાં હતા. સરકારના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સરકારની યોજનાઓ વિવિધ માહિતિને પ્રજા સુધી પહોચાડવા પ્રાંતિજ સહિત તાલુકાઓમાં બુથોમાં ભાજપ કાર્યકરો આગેવાનો હોદ્દેદારો બુથો ઉપર જઈને મતદારો તથા લાભાર્થીઓને વિસ્તૃત માહિતી પુરી પાડી હતી.

# પ્રાંતિજ એસટી ડેપોમાંથી બાઈક ચોરાતા પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ, તા.૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ એસટી ડેપોમાંથી પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા બાઈક ચોર બાઈક ચોરી કરી લઈ જતાં બાઈક માલિક દ્વારા પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ એસટી ડેપોમાં એસટી ડ્રાયવર તરીકે ફરજ બજાવતા નાજીમહુસેન મયુદીન સહીયદ કે જેવો ઓરાણ ખાતે રહે છે અને પ્રાંતિજ ડેપોની એસટી બસમાં ડ્રાયવર તરીકે નોકરી કરે છે. જેવો પોતાનું બાઈક હિરો હોન્ડા સ્પેન્ડર બાઈક નંબર -જીજે.૯. સીડી. ૪૦૪૪ લઈને આવે છે અને બાઈક એસટી ડેપોમાં દરરોજની જેમ પાર્ક કરીને બસ લઈને ગયા હતાં અને પરત આવતાં બાઈક પાર્ક કરેલ જગ્યાએ તથા આજુબાજુમાં મળી ના આવતા બાઈક માલિક નાજીમહુસેન મયુદીન સહીયદ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસ દ્વારા અજાણ્યા બાઈક ચોર સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વિસ્તારક અને બુથ સમિતિ દ્વારા ધો. ૧૨માં પ્રથમ આવનાર ગામની બાળાનું સન્માન

મોડાસા તા.૧

અરવલ્લી જિલ્લામાં ૧૦૧૩ બુથો ઉપર કાર્યરત વિસ્તારકો પોતાના બુથ વિસ્તારમાં ઘરે -ઘર જનસંપર્ક



કરી રહ્યા છે. તે દરમિયાન વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત નાગરિકો અને શાળામાં પ્રથમ આવી અનેરી સિદ્ધિ હાંસલ કરનાર છાત્રોનું પણ સન્માન કરી બિરદાવવામાં આવ્યા હતા.

દરમિયાન મોડાસાના રાજલી (પુજારાફળી)માં રહેતી વિદ્યાર્થીની મનિષા કનુસિંહ પુજારાએ માર્ચ-૨૦૧૭ની પરીક્ષામાં મરડીયા જીતપુરની સી.એમ.સુથાર હાયર સેકન્ડરી શાળામાં સામાન્ય પ્રવાહ ધો.૧૨ માં ૮૨ ટકા મેળવી શાળામાં ગૌરવવંતુ પ્રથમ સ્થાન હાંસલ કરતા તેણીનું રાજલી-૨ બુથ વિસ્તારમાં આજે પાંચમા દિવસે વિસ્તારક પ્રભુદાસ પટેલે સન્માન કર્યું હતું અને ખૂબ નહીવત સગવડમાં સારો અભ્યાસ કરીને પણ ઉંચી ટકાવારી લાવીને ગામ અને શાળાને ગૌરવ અપાવવા બદલ બાળાને બિરદાવી હતી. આ પ્રસંગે સરપંચ જગતસિંહ પુજારા અને બુથ સમિતિના સભ્યો, શિક્ષક દશરથસિંહ ચૌહાણ તેમજ સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.




## મહેસાણા ખાતે વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણી

રાષ્ટ્રીય તમાકુ નિષેધ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં કાર્યરત જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ મહેસાણા દ્વારા તાલુકા હેલ્થ કચેરી મહેસાણા તેમજ એનસીડી સેલ સિવિલ હોસ્પિટલ મહેસાણાના સહયોગથી વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણીના ભાગરૂપે તમાકુ વિરોધી રેલીનું આયોજન કરવામાં આવેલ જેમાં વ્યસનમુક્તિ અંગે વિસ્તૃત જનજાગૃતિ માટે પત્રિકા વિતરણ કરવામાં આવી હતી. જે સાથે રેલીમાં જોડાયેલ દરેકને વ્યસનથી દૂર રહેવા તેમજ સમાજને વ્યસનમુક્ત બનાવવા સંકલ્પપત્રો ભરાવવામાં આવ્યા. વ્યસનથી થતા નુકશાન અંગે જાણકારી આપવા માટે કેન્શર વિષેના ફોટોવાળા પોસ્ટર્સ તેમજ હોર્ડિંગ અને વ્યસન વિરોધી સૂત્રોચ્ચાર સાથે સિવિલ હોસ્પિટલ મહેસાણાથી રેલીની શરૂઆત કરવામાં આવી. રેલી પ્રસ્થાન ઈ.ચા. કલેટર, મહેસાણા-વ-જિલ્લા વિકાસ અધિકારી જે.બી. પટેલ, ઈ.ચા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી વ.આર. સી.એચ.ઓ. ડી.વી.એ. પટેલ, આરોગ્ય ચેરમેન વ સમાજિક કાર્યકર મનુભાઈ ચોકસી દ્વારા કરાવવામાં આવી હતી. એપેડેમિક મેડિકલ ઓફિસર ડૉ. વી.બી. પટેલ, ઈ.ચા. આરએમ.ઓ. ડૉ. સોની, તેમજ ઈ.ચા. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. શૈલેષ પટેલ અને મહેસાણા તાલુકા અર્બન હેલ્થ સેન્ટરના યુ.એચ.ઓ. તેમજ તેમનો સ્ટાફ હાજર રહેલ હતો.

# સાબરકાંઠા જિલ્લામાં અંદાજે અઢી લાખ નાગરિકો ૨૧મીએ યોગ કરશે

હિંમતનગર, તા. ૧

૨૧મી જૂન વિશ્વ યોગ દિન તરીકે ઉજવાય છે. આ દિવસે સમગ્ર રાજયમાં તમામ જિલ્લા-તાલુકા મથકોએ સામૂહિક યોગ નિદર્શન યોજાશે. સાબરકાંઠા જિલ્લામાં પણ મુખ્ય મથક હિંમતનગર ઉપરાંત તાલુકા મથકોએ યોગ નિદર્શન યોજાનાર છે. આ અંગે યોજાયેલી સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેકટર પી.સ્વરૂપે જણાવ્યું હતું કે, યોગ એ આપણી પ્રાચીન પરંપરા છે અને વિશ્વ કક્ષાએ તેને સ્વીકૃતિ મળી છે. ૨૧ મી જૂને સમગ્ર વિશ્વમાં તેની ઉજવણી થાય છે અને સામૂહિક યોગ નિદર્શન કરાય છે.

સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમથક હિંમતનગર ખાતે પોલીસ હેડકર્વાટર ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે, જયારે જિલ્લામાં જેલ, અન્ય જાહેર સ્થળોએ, શૈક્ષણિક સંસ્થાઓ ખાતે પણ આ યોગ નિદર્શન યોજાશે. જિલ્લામાં તમામ તાલુકા મથકોએ, શાળા-કોલેજો ઉપરાંત સહયોગ કૃષ્ટરોગ ટ્રસ્ટ, અન્ય સંસ્થાઓ ખાતે પણ આ કાર્યક્રમ યોજાનાર છે. યોગ અંગે માસ્ટર ટ્રેનર દ્વારા તાલિમ અપાશે.

આ કાર્યક્રમમાં વિધાર્થીઓ, એન.એસ. એસ., એન.સી.સી. કેડેટસ, યોગ સાથે સંકળાયેલી સંસ્થાઓ, અન્ય સેવાભાવી સંસ્થાઓ પણ આ કાર્યક્રમમાં સહભાગી બનશે.આ કાર્યક્રમમાં લોકોને સહભાગી થવા જિલ્લા કલેકટરએ અપીલ કરી છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ, જિલ્લા પોલીસ અધીક્ષક પી.એલ.માલ, અધિક કલેકટર વી.એલ.પટેલ, સર્વે પ્રાન્ત અધિકારીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉપાધ્યાય, તેમજ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા,